# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-03-2026** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વાવ થરાદ ખાતેથી 19 હજાર કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.**
2. **પ્રધાનમંત્રીએ ડીસાને પશ્ચિમ ભારતની રાષ્ટ્રીય સુરક્ષા માટે મહત્વનું સ્થાન ગણાવ્યું.**
3. **કેન્દ્ર સરકારે 15મા નાણાં પંચના પેટે ગુજરાતને 764 કરોડ રૂપિયાથી વધુનું અનુદાન ફાળવ્યું.**
4. **સુરતના લિંબાયત વિસ્તારમાં મકાનમાં આગ લાગતા પાંચ લોકોના મોત.**
5. **અમદાવાદ હવાઈમથકેથી 83 લાખ રૂપિયાના સોના સાથે એક મહિલા ઝડપાઇ.**
6. **IPL ક્રિકેટમાં આજે ગુજરાત ટાઇટન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મુકાબલો.**

---

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM VAV THARAD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વાવ થરાદ જિલ્લાના નાણી ખાતેથી 19 હજાર 800 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે જાહેર સભાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું, ઉત્તર ગુજરાતનું ડીસા પશ્ચિમ ભારતની રાષ્ટ્રીય સુરક્ષા માટે મહત્વનું સ્થાન છે.

(BYTE : PM NARENDRA MODI)

શ્રી મોદીએ જણાવ્યું, પશ્ચિમ એશિયા સંઘર્ષ વચ્ચે પણ ભારતે સ્થિતિ નિયંત્રણમાં રાખી છે.

(BYTE : PM NARENDRA MODI)

ગુજરાતના એક દિવસના પ્રવાસે પહોંચેલા શ્રી મોદીએ વાવ થરાદ ખાતે કેન્દ્ર સરકારના ઊર્જા, માર્ગ,પરિવહન અને ધોરીમાર્ગ તેમજ રેલવે મંત્રાલયના 10 હજાર 921 કરોડના તેમજ રાજ્ય સરકારના શહેરી વિકાસ, જળ સંસાધન, પાણી પુરવઠા, માર્ગ અને મકાન, GIDC, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પ્રવાસન અને આદિજાતિ વિકાસ વિભાગના 8 હજાર 886 કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.

અગાઉ શ્રી મોદીએ આજે અમદાવાદના સાણંદમાં કેન્સ સેમિકોનના OSAT પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું. જ્યારે સવારે ગાંધીનગરના કોબા ખાતે સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલયનું પં ઉદ્ઘાટન કર્યું હતું.

.

# VAISHNAV SEMICONDUCTOR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના સાણંદમાં આજે કેન્સ સેમિકોનના OSAT પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું.. તેમણે કહ્યું હતું કે 21 સદીનું ભારત માત્ર પરિવર્તનનું સાક્ષી નહીં પરિવર્તનનું નેતૃત્વ કરવાના સંકલ્પ સાથે આગળ વધી રહ્યું છે. તેમણે ઉમેર્યું, સાણંદમાં બનનાર ચિપ્સ હવે અમેરિકા સુધી પહોંચશે. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે સેમિકંડક્ટરની ઉપયોગિતા સમજાવી હતી.

(Byte: Ashwini Vaishnav, Union Minister)

# CENTRE-FC GRANTS

કેન્દ્ર સરકારે 15મા નાણાં પંચના પેટે ગુજરાતને 764 કરોડ રૂપિયાથી વધુનું અનુદાન ફાળવ્યું છે. સરકારે આજે આજે ગુજરાત સહિત આઠ રાજ્યોને બે હજાર 461 કરોડ રૂપિયાથી વધુનું વિતરણ કર્યું છે. જેમાં છત્તીસગઢ, ગુજરાત, મધ્યપ્રદેશ, પંજાબ અને સિક્કિમમાં ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓને ટાઈડ ગ્રાન્ટ જારી કરી છે. જ્યારે હિમાચલ પ્રદેશ, ઓડિશાને અન ટાઈડ ગ્રાન્ટ જારી કરી છે. જેમાં વિવિધ નાણાકીય વર્ષોને લગતી ફાળવણીનો સમાવેશ થાય છે અને તેનો હેતુ ગ્રામીણ સ્થાનિક શાસનને વધુ મજબૂત બનાવવાનો છે.

# SURAT DEATH

સુરતના લિંબાયત વિસ્તારમાં બનેલી આગની ઘટનામાં પાંચ લોકોના મોત થયા છે. મીઠી ખાડી વિસ્તારના એક મકાનમાં સાડી પેકિંગ મટિરિયલમાં આગ લાગી હતી જેમાં ચાર મહિલા અને એક બાળકનું મોત થયું જ્યારે પાંચ લોકો દાઝ્યા હતા. આ અંગે અધિક પોલીસ કમિશનર બલરામ મીનાએ વધુ માહિતી આપી.

**(BYTE : BALRAM MEENA, ACP)**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

DESK

# GOLD SMUGGLING

અમદાવાદ હવાઈમથકેથી 83 લાખ રૂપિયાના સોના સાથે એક મહિલા ઝડપાઇ છે. આ મહિલા મુસાફર ટર્મિનલ-2 પર આવી હતી. જ્યારે તેણી ગ્રીન ચેનલમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરી રહી હતી, ત્યારે સીમાશુલ્કના અધિકારીઓએ તેને અટકાવી હતી. તપાસ કર્યા બાદ તેની પાસેથી પ્રવાહી રસાયણો સાથે મિશ્રિત સોનાની પેસ્ટ મળી આવી હતી. જેનું વજન 643ગ્રામ જેટલું હતું. આ અંગે સીમાશુલ્ક વિભાગે વધુ તપાસ હાથ ધરી છે.

# UMRETH ASSEMBLY BY – ELECTION

દેશના વિવિધ રાજ્યોની ખાલી પડેલી વિધાનસભા બેઠકો માટે પેટા ચૂંટણી જાહેર કરવામાં આવી છે. જે અંતર્ગત ઉમરેઠ વિધાનસભા બેઠકના પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ રઇજીભાઈ પરમારના અવસાનને કારણે ખાલી પડેલ બેઠક પર 23 એપ્રિલ 2026 ના રોજ  મતદાન યોજાશે. આ ચૂંટણી મુકત, ન્યાયી અને પારદર્શક વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણીની આદર્શ આચારસંહિતાનું સબંધિત વિધાનસભા વિસ્તારમાં ચૂસ્તપણે પાલન કરવામાં આવશે

ચૂંટણી અધિકારી પ્રવીણ ચૌધરીએ જણાવ્યું કે, ઉમરેઠ વિધાનસભામાં કુલ 2 લાખ 42  હજાર 836 મતદારો નોંધાયેલા છે તે પૈકી 1 લાખ 5 હજાર 990 પુરુષ મતદારો તેમજ 1 લાખ 909 હજાર મહિલા મતદારો નોંધાયા છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, પેટા ચૂંટણી માટે કુલ 306 મતદાન મથકો રાખવામાં આવ્યા છે.

# MAHAVIR JAYANTI

રાજયભરમાં મહાવીર સ્વામિનો જન્મોત્સવ ઉજવાઇ રહ્યો છે ત્યારે વલસાડમાં ભગવાન મહાવીર સ્વામીના 2600માં જન્મ કલ્યાણક મહોત્સવ નિમિત્તે મોટા બજાર સ્થિત જૈન મંદિરથી એક શોભાયાત્રા નીકળી હતી, જે શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી. પ્રદેશ ભાજપ મંત્રી સોનલબેન સોલંકીએ જણાવ્યું કે, ભગવાન મહાવીર સ્વામીનો 'અહિંસા પરમો ધર્મ' અને 'જીવો અને જીવવા દો'નો સંદેશ આજે પણ પ્રસ્તુત છે. તેમણે સૌને ભગવાન મહાવીરના માર્ગે ચાલવા આહવાન કર્યું

બોટાદમાં બેન્ડ, નાસિક ઢોલ, ભવ્ય જન્મ વાંચન, કાર્ટુન, ભગવાનનો સિંહાસન, સ્કેટિંગ તથા સાઇકલ સાથે બાળકો દ્વારા નૃત્ય ભક્તિ શ્રાવિકા બહેનો અલગ અલગ ગ્રુપ દ્વારા ભગવાનના જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી.

પાટણ પંચાસરા જિનાલય ખાતે ભગવાન મહાવીર સ્વામીની અલૌકિક પ્રતિમા પર ભવ્ય આંગી રચના કરવામાં આવી .ઉપરાંત જિલ્લાના પ્રસિદ્ધ જૈન મહાતીર્થ શંખેશ્વર ખાતે પણ મહાવીર જન્મોત્સવ નિમિત્તે અનુષ્ઠાનના આયોજન કરાયા છે. દિવસ દરમિયાન જીવદયા, ગૌસેવા અને જરૂરિયાતમંદોને અનુકંપાદાનના સેવા કાર્યોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

મહાવીર જયંતિ નિમિત્તે ભરૂચના શ્રીમાળી પોળમાં આવેલ જૈન દેરાસર ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. હાલમાં વૈશ્વિક કક્ષાએ યુદ્ધની પરિસ્થિતિ વચ્ચે ભગવાન મહાવીરમાં અહિંસા પરમો ધર્મના સિધ્ધાંતને અનુસરવામાં આવે એવી જૈન શ્રેષ્ઠીઓએ અપીલ કરી હતી.

# WEATHER

રાજ્યમાં ફરી એકવાર માવઠાના સંકેત જોવા મળી રહ્યા છે. આજે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અમરેલી, ભાવનગર અને કચ્છમાં છુટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. બીજી એપ્રિલથી વધુ એક પશ્ચિમ વિક્ષોભ સક્રિય થઈ શકે છે. આ દરમિયાન 30 થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું.

**(BYTE : PRADEEP SHARMA SCIENTIST)**

# IPL

ઈન્ડિયા પ્રીમિયર લીગ ક્રિકેટ- IPLમાં આજે, પંજાબ કિંગ્સનો મુકાબલો ગુજરાત ટાઇટન્સ સામે થશે. ન્યુ ચંદીગઢના મહારાજા યાદવિન્દ્ર સિંહ ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાનાર આ મેચ હમણાં સાડા સાત વાગ્યે શરૂ થશે. પંજાબ કિંગ્સે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે.

# RAJKOT DEVELOPMENT WORKS

રાજકોટ ખાતે જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઇ ગઈ.આ બેઠકમાં રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકાના ૧૭ ગામોમાં પાણી પુરવઠાને લગતા.૩૮ લાખ 97 હજારના વિવિધ કામોને મંજૂરી આપવામાં આવી છે. રાજકોટ જિલ્લા ક્લેક્ટર ડૉ. ઓમ પ્રકાશે કહ્યું કે ગામોમાં પીવાના પાણીની સુવિધામાં નવા બોરના શારકામ, પમ્પિંગ મશીનરી, હયાત બોર અને સંપ પર પમ્પિંગ મશીનરી સહિતના કામો કરવામાં આવશે. આ સાથે ઉનાળાના સમયમાં પાણીની તકલીફ ન પડે તે અંગે પણ ધ્યાન આપવા સૂચના આપવામાં આવી હતી. ઉપરાંત અલગ અલગ વિભાગના જેમ કે, જિલ્લા પંચાયત, સિંચાઈ આર.એન્ડ બી.અને પી.આઈ.યુ. પાણી પુરવઠા, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, વાસ્મો વગેરે કાર્યપાલક ઈજનેરોની કમિટી બનાવીને, બેઝીક અપસેટ પ્રાઈઝ નક્કી કરવા સુચના આપવામાં આવી.